**નિવારણ** | ભરૂચના ભાવિ ઇજનેરોનું ઘન કચરાની સમસ્યાના નિવારણ માટે પ્રેઝન્ટેશન

# ઘન કચરા અને પાણી અંગે સેમિનાર

**ભરૂચ સિવિલ એન્જિ. ફોરમ અને સદવિદ્યા મંડળ ઇન્સ્ટી. ઓફ ટેકનોલોજી દ્વારા એન્જિનિયર્સ ડે ની ઉજવણી**

ભાસ્કર ન્યૂઝ. ભરૂચ

ભરૂચ સિવિલ એન્જિનિયરિંગ ફોરમ અને એસવીએમઆઇટીનાં ઉપક્રમે એન્જિનિયર્સ ડે ની ઉજવણી અંતગર્ત ભાવિ ઇંજનેરોએ જિલ્લામાં ઘન કચરા અને પાણીની સમસ્યા નિવારણ માટે સેમિનાર યોજી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

તા.15મી સપ્ટેમ્બરના રોજ સર એમ વિશ્વરય્યા(ભારત રતન)ના જન્મ દિવસને એન્જિનિયર્સ ડે તરીકે ઉજવાય છે. જે નિમિત્તે ભરૂચ સિવિલ એન્જિનિયરિંગ ફોરમ અને એસ.વી. એમ.આઇ.ટી. એન્જિનિયરિંગ કોલેજના સિવિલ વિભાગ દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા ભરૂચમાં નકામા ઘન કચરાના પ્રશ્નો તથા પાણીની સમસ્યાના નિવારણ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના મત વ્યકત કરી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ભરૂચ સિવિલ એન્જિનિયરિંગ ફોરમના પ્રમુખ જીવરાજ પટેલ, સેક્રેટરી નિતેશ પટેલ અને ખજાનચી તારક મામલતદાર તથા સિવિલ એન્જિનિયરિંગ ફોરમના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ઔદ્યોગિક હબ એવા ભરૂચ જિલ્લામાં નકામા ઘન કચરાનો પ્રશ્ન તેમજ પાણીની સમસ્યા કઇ રીતે નિવારી શકાય તે માટે અલગ અલગ પ્રેઝન્ટેશન રજૂ કરી ઇજનેરી વિદ્યાર્થીઓને પોતાના સુઝાવો રજૂ




એન્જિનિયર્સ ડે ની ઉજવણી અંતગર્ત ભાવિ ઇજનેરોએ ઘન કચરા અને પાણીની સમસ્યા નિવારણ માટે સેમિનાર યોજી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તસવીર રાજેશ પેઇન્ટર

કરવામાં પ્રોફેસર નયન સોની, પ્રોફેસર ડી.એ.પટેલ અને વિદ્યાર્થીઓમાંથી સૃષ્ટિ પટેલ, ચાર્મી મોદી, આદિશેષ દેશપાંડે, ચેતન મિસ્ત્રી વગેરે વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.